(૨) સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ દ્વારા કયા રોગો સામે રક્ષણ આપવામાં આવે છે, અને

(૩) રસીઓની ગુણવત્તા જળવાય એ માટે શી કાળજી લેવાય છે?

----

## દાહોદ જિલ્લામાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

15/8/2884 *64 **શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૧૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં હાલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે, અને

(૨) ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર

મંજૂર થયેલ મહેકમ પ્રમાણે કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી ખાલી છે?

----

## નર્મદા જિલ્લામાં આદિજાિત પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/2365 *65 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિવાસી વિસ્તારના કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

----

## સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના વીજ જોડાણો

15/8/3353 *66 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નિઃશુલ્ક ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને
(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

----

## કોડીનાર તાલુકા પંચાયત હસ્તકની જમીન સામે ખોટો રીપોર્ટ

15/8/3640 *67 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં કોડીનાર તાલુકા પંચાયત હસ્તકની જ્યુબીલી ધર્મશાળાના નામે ઓળખાતી જમીન આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો કોડીનાર શહેરમાં કોડીનાર તાલુકા પંચાયત હસ્તકની જમીન હોવા છતાં કોડીનાર શહેરમાં કોડીનાર તાલુકા પંચાયત હસ્તકની જમીન નથી

તેવો ખોટો રીપોર્ટ તા.૨૯/૧૦/૨૦૨૫ના રોજ સરકારમાં કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ સરકારમાં ખોટો રીપોર્ટ કરનાર જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

----

## અમદાવાદ અને ગાંધીનગરમાં પાણી જન્ય રોગોના કેસ

15/8/3668 *68 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર અને ગાંધીનગર શહેરમાં પાણી જન્ય રોગોના કારણે કેટલા લોકોએ સરકારી હોસ્પિટલોમાં સારવાર લીધી,

(૨) ઉક્ત સ્થિતિએ એક સાથે મોટા પ્રમાણમાં દર્દીઓ આવવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત શહેરોમાં પાણી જન્ય રોગોને કારણે કેટલા લોકોના મૃત્યુ થયા?

----

## વડોદરા જિલ્લાના સાવલી ખાતે પેટા જિલ્લા હોસ્પિટલ

15/8/3740 *69 **શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ ઇનામદાર (સાવલી):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સાવલી ખાતે ૧૦૦ પથારીની પેટા જિલ્લા હોસ્પિટલ બિલ્ડીંગનું બાંધકામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ બાંધકામ કયા તબક્કે છે અને કેટલી રકમ મંજૂર થયેલ છે?

----

## ડાંગ જિલ્લામાં તાલુકા પંચાયત કચેરીઓના નવીન મકાનો

15/8/3333 *70 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલી તાલુકા પંચાયત કચેરીઓના મકાનો નવીન બનેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી તાલુકા પંચાયત કચેરીઓના મકાનો નવીન બનાવવાના બાકી છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં MVCC કેબલ નાખવા બાબત

15/8/3729 *71 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા કિ.મી. MVCC કેબલ નાંખવામાં આવેલ છે,
(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા કિ.મી. મીડિયમ વોલ્ટેજ કવર્ડ કંડક્ટર કેબલ નાખવાનાં બાકી છે, અને
(૩) ઉક્ત બાકી કેબલ ક્યાં સુધીમાં નાખવામાં આવશે?

----

## સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/3346 *72 **શ્રી જયંતિભાઇ સોમાભાઇ પટેલ (માણસા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તારના કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?

----

## પશુ કરડવામાં અપાતી વેક્સિન બાબત

15/8/3674 *73 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પશુ કરડવા અંગેની સારવાર માટે અપાતી ટીસ્યુકલ્ચર વેક્સિનનો કેટલો જથ્થો, શા ભાવે, કઈ કંપની પાસેથી ખરીદવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખરીદી માટે વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૩) ઉક્ત વેક્સિનની અછત હોવા અંગેની કેટલી ફરિયાદ ઉક્ત સ્થિતિએ વર્ષવાર મળી, અને

(૪) ઉક્ત વેક્સિનની અછત નિવારવા માટે સરકારે શી કાર્યવાહી કરી?

----

## બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

15/8/3280 *74 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**
માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) વર્ષ ૨૦૨૪-૨૫માં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ૧૫માં નાણાપંચની તાલુકા કક્ષાની કુલ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરેલ છે, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉક્ત ગ્રાન્ટમાંથી કેટલા કામો હાથ ધરાયેલ છે અને તેમાંથી કેટલા પુર્ણ થયેલ છે?

----

## અરવલ્લી જિલ્લા હોસ્પિટલનું બાંધકામ

15/8/2798 *75 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લા હોસ્પિટલનું બાંધકામ કયા તબક્કે છે,
(૨) ઉક્ત બાંધકામ ક્યારે પૂર્ણ થનાર છે, અને
(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થશે?

----

## મોરબી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

15/8/3339 *76 **ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ગામોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કિસાન સૂર્યોદય યોજના હેઠળ કેટલા ગામોને દિવસે વીજળી મળી રહેલ છે?

----

## પાટણ જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના

15/8/3355 *77 **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર)ઃ**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

----

## ઉચ્છલ ખાતે પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ

15/8/3742 *78 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)ઃ**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આદિજાતિ વિસ્તારમાં ઉચ્છલ ખાતે કેટલી પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલનું બાંધકામ મંજૂર થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ મંજૂર થયેલ છે અને ઉક્ત કામગીરી કયા તબક્કે છે?

----

## ક્વાંટ ખાતે ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જિલ્લા હોસ્પિટલ

15/8/3737 *79 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા)ઃ**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આદિજાતિ વિસ્તારમાં ક્વાંટ ખાતે ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જિલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવાનું બાંધકામ મંજૂર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજૂર થયેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી કયા તબક્કે છે?

----

## ડાંગ જિલ્લામાં પી.એમ.કુસુમ(કોમ્પોનન્ટ-B) યોજના

15/8/3342 *80 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પી.એમ.કુસુમ(કોમ્પોનન્ટ-B) યોજના હેઠળ ડાંગ જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ આપવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કુલ કેટલી સબસીડી આપવામાં આવેલ છે?

----

## સુરત જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા બાબત

15/8/3709 *81 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે કે કેમ?

----

## છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યા

15/8/3291 *82 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**
માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુ) સંવર્ગની મંજૂર, ભરાયેલ તથા કેટલી ખાલી જગ્યાઓ છે?

----

## નવસારી જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

15/8/2359 *83 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

----

## મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા પંચાયતના નવા મકાન બનાવવાની કાર્યવાહી

15/8/3319 *84 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા પંચાયત કચેરીના નવા મકાન બાંધકામ માટે વહિવટી મંજૂરી મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકા પંચાયત કચેરીના નવીન મકાન બનાવવા હાલ કાર્યવાહી કયા તબક્કે છે?

----

## નર્મદા અને ભરૂચ જિલ્લાની ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાકટ અને આઉટસોસીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ

15/8/3677 *85 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ઊર્જા પ્રભાગ હેઠળની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોસીંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત કર્મચારીઓને માસિક વેતનની રકમ કેટલી ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત કોન્ટ્રાકટર અને આઉટસોસીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઈ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે, અને

(૪) ઉક્ત જગ્યાએ કાયમી ભરતી કરવાના બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના શા કારણો છે?

----

## ભાવનગર જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના

15/8/3357 *86 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

----

## મહેસાણા જિલ્લા પંચાયતમાં પશુધન નિરીક્ષકની મંજૂર થયેલ જગ્યાઓ

15/8/3270 *87 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લા પંચાયતમાં પશુધન નિરીક્ષક સંવર્ગની મંજૂર, ભરાયેલ તથા કેટલી ખાલી જગ્યાઓ છે?

----

## અરવલ્લી જિલ્લા પંચાયતમાં જુનીયર ફાર્માસીસ્ટની મંજૂર થયેલ જગ્યાઓ

15/8/3306 *88 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લા પંચાયતમાં જુનીયર ફાર્માસીસ્ટ સંવર્ગની મંજુર થયેલ જગ્યાઓ કેટલી છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં રક્તપિત્તના કેસ

15/8/3718 *89 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં રક્તપિત્તના કેટલા કેસો નોંધાયા, અને

(૨) તે પૈકી બાળ દર્દી કેટલા નોંધાયા છે?

----

## અરવલ્લી જિલ્લામાં આદિજાતિ પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/3347 *90 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આદિવાસી વિસ્તારના કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?

----

## પંચમહાલ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા બાબત

15/8/3743 *91 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે કે કેમ?

----

## સાબરકાંઠા જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થી

15/8/3350 *92 **શ્રી રાજેન્દ્રકુમાર દાનેશ્વર ચાવડા (કડી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોતિ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?

----

## મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના વીજ જોડાણો

15/8/3354 *93 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નિઃશુલ્ક ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને
(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

----

## કચ્છ જિલ્લાના અબડાસા,નખત્રાણા અને લખપત તાલુકાઓમાં નવા પેટા આરોગ્ય કેન્દ્રો

15/8/2562 *94 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા ,નખત્રાણા અને લખપત તાલુકાઓમાં નવા પેટા આરોગ્ય કેન્દ્રો બનાવવા માટે કેટલી દરખાસ્ત સરકારને મળેલ છે,
(૨) ઉક્ત સ્થિતિ તે પૈકી કેટલા નવા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા,અને
(૩) ઉક્ત સ્થિતિએ કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો બનાવવાના બાકી છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં તીર્થગામ/પાવનગામ યોજના અન્વયે ગામોને લાભ

15/8/2373 *95 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**
માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા ગામને તીર્થગામ પાવનગામ જાહેર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવેલ છે?

----

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કિસાન હિત ઊર્જા શક્તિ યોજના

15/8/3343 *96 **શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન હિત ઊર્જા શક્તિ યોજના (ખુશી) અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મેર ઉભા કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## જામનગર તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કાર્યવાહી

15/8/3330 *97 **શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**
માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જામનગર જિલ્લાની જામનગર તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કામગીરી કેટલા ખર્ચમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પશુધન નિરીક્ષકની મંજૂર થયેલ જગ્યાઓ

15/8/3313 *98 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર)):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પશુધન નિરીક્ષક સંવર્ગની મંજૂર, ભરાયેલ તથા કેટલી ખાલી જગ્યાઓ છે?

----

## દાહોદ જિલ્લામાં નવજાત બાળકોમાં રોગ બાબત

15/8/2888 *99 **શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા બાળકોના જન્મ થયા, અને

(૨) ઉક્ત જન્મેલા બાળકો પૈકી કેટલા બાળકોમાં કયા પ્રકારના ગંભીર રોગ જોવા મળ્યા?

----

## અરવલ્લી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા બાબત

15/8/3707 *100 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે કે કેમ?

----

## ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં પી.જી.વી.સી.એલ.ના ઇલેક્ટ્રીક પોલ ઉપરથી ટીવી કેબલ નેટવર્કના વાયરો દુર કરવા બાબત

15/8/3641 *101 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં પી.જી.વી.સી.એલ.ના ઇલેક્ટ્રીક પોલ ઉપર બાંધવામાં આવેલ ટીવી કેબલ નેટવર્કના વાયરો દુર કરાવવા કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ કલેકટરે ટીવી નેટવર્કના કેબલો દિન-૭માં દુર કરી અહેવાલ મોકલી આપવા કા.ઈ.શ્રી, પી.જી.વી.સી.એલ., ઉનાને સુચના આપેલ છે તે હકીકત ખરી છે,

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ પી.જી.વી.સી.એલ.ના ઇલેક્ટ્રિક પોલ ઉપર ટીવી કેબલના વાયરો ઉતારેલ છે કે કેમ, અને

(૪) કલેકટરશ્રીના ઉક્ત આદેશના ઉલ્લંઘન સબબ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## આણંદ અને ખેડા જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠક

15/8/3670 *102 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમિટીની બેઠક ક્યારે મળી,

(૨) ઉક્ત સ્થિતિએ પ્લોટ મેળવવા કેટલી અરજીઓ આવેલ, કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી પેન્ડીંગ છે, અને

(૩) જે ગામોમાં પ્લોટ હેતુ માટે સરકારી જમીન ઉપલબ્ધ નથી ત્યાં ખાનગી જમીન સંપાદન કરી પ્લોટ આપવાની શું જોગવાઈ છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૩ કેવી કે તેનાથી વધુ વીજભારની વીજ લાઈનો

15/8/3745 *103 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવમાં આવતી હોય તેવી ૩૩

કેવી કે તેનાથી વધુ વીજભારની વીજ પરિવહન કરતી લાઈનોના કામમાં ખેડૂતોના ખેતરમાં બળજબરી પૂર્વક કામ થતા હોવાની કેટલી રજુઆતો સરકારને મળી, અને

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ ઉત્પાદકો દ્વારા વીજ ઉત્પાદન

15/8/3675 *104 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યનો કુલ વીજ વપરાશ કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી અને ખાનગી વીજ ઉત્પાદકો દ્વારા કેટલા મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે, અને

(૩) વીજ ઉત્પાદનમાં રાજ્ય સરપ્લસ હોય તો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી, કોને, કયા ભાવે વેચવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કાર્યવાહી

15/8/3334 *105 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ધાનેરા (જિ.બનાસકાંઠા) તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કામગીરી કેટલા ખર્ચમાં પુર્ણ કરવામાં આવશે?

----

## છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકા પંચાયતના નવા મકાન બનાવવાની કાર્યવાહી

15/8/3331 *106 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાની છોટાઉદેપુર તાલુકા પંચાયત કચેરીના નવા મકાન બાંધકામ માટે વહિવટી મંજૂરી મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકા પંચાયત કચેરીના નવીન મકાન બનાવવા હાલ કાર્યવાહી કયા તબક્કે છે?

----

## મહીસાગર જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા બાબત

15/8/3744 *107 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે કે કેમ?

----

## રાજ્ય સરકાર હસ્તકના ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના વીજ મથકો

15/8/3678 *108 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલા છે, અને

(૨) ઉક્ત વીજ મથકો દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો?

----

## ભાવનગર ખાતે સિવિલ હોસ્પિટલ તથા માતૃબાળ હોસ્પિટલનું આયોજન

15/8/3688 *109 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર ખાતે નવિન સિવિલ હોસ્પિટલ

તથા માતૃબાળ હોસ્પિટલ બ્લોકના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજૂર થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે?

----

## અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની ગ્રામ પંચાયતોના મકાનો

15/8/3271 *110 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘરો છે, અને

(૨) પોતાના ઘરો ન હોય તે ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે?

----

## મહેસાણા જિલ્લાની વિજાપુર તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કાર્યવાહી

15/8/3322 *111 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની વિજાપુર તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કામગીરી કેટલા ખર્ચમાં પુર્ણ કરવામાં આવશે?

----

## સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકા પંચાયતના નવા મકાન બનાવવાની કાર્યવાહી

15/8/3320 *112 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની ઇડર તાલુકા પંચાયત કચેરીના નવા મકાન બાંધકામ માટે વહિવટી મંજૂરી મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકા પંચાયત કચેરીના નવીન મકાન બનાવવા હાલ કાર્યવાહી કયા તબક્કે છે?

----

## જુનાગઢ જિલ્લામાં વિસાવદર ખાતે પેટા જિલ્લા હોસ્પિટલ

15/8/3741 *113 **શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં વિસાવદર ખાતે ૧૦૦ પથારીની પેટા જિલ્લા હોસ્પિટલ બિલ્ડીંગનું બાંધકામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ બાંધકામ કયા તબક્કે છે અને કેટલી રકમ મંજૂર થયેલ છે?

----

## ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના તલાટી-કમ-મંત્રી સામે ફરિયાદો

15/8/3642 *114 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ :-**

માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કેટલા ગામોના તલાટી-કમ-મંત્રી સામે ગેર વહીવટ, લાંચ, અનિયમિત હાજરીની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----